ક્રમાંક/અનુદાન/૧/પરચ/૯૫/૧૨૩૦૦-૧૯
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ. ૨-૯-૧૯૯૫.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- શાળાકીય રેકર્ડ શાળામાં મળવા તથા શિક્ષણ વિભાગ કે તેના તાબા હેઠળ ની કચેરીના નિરીક્ષણ અધિકારી/તપાસ અધિકારી કે ઓડીટ અધિકારી ને રજૂ કરવા બાબત...

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે બિન સરકારી માધ્યમિક શાળાઓ માટે શાળાકીય રેકર્ડ અંગેની જોગવાઈ ગ્રાન્ટ-ઈન-એઈડ-કોડ ૧૯૬૪ના નિયમ.૯૨ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ.૧૯૭૪ ના વિનિયમ.૧૯૭૪ના વિનિયમ.૩૮માં કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ ભુતિયા વર્ગો અને ખોટા વિદ્યાર્થીઓના નામો સામે ઝુંબેશ દરમ્યાન આ કચેરીના ધ્યાન પર આવેલ છે કે કેટલીક શાળાઓ દ્વારા નિરીક્ષણ પાર્ટી દ્વારા તપાસ માટે શાળામાં જાય અને રેકર્ડની માંગણી કરવામાં આવે ત્યારે શાળાના આચાર્ય અથવા કર્મચારી દ્વારા નિરીક્ષણ પાર્ટીને એવું જણાવવામાં આવે છે કે (૧) રેકર્ડ શાળામાં ઉપલબ્ધ નથી. (૨) શાળાનું રેકર્ડ શાળા સંચાલકના ઘરે અથવા સંચાલક મંડળની કચેરીએ છે.

આ બાબત યોગ્ય જણાતી નથી. ગ્રાંટ ઈન એઈડ કોડના નિયમ.૯૨ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ.૩૮ ની જોગવાઈ મુજબ શાળાકીય રેકર્ડ શાળામાં રાખવું તથા શિક્ષણ વિભાગ કે તેના તાબા હેઠળના અધિકારી/કર્મચારી/નિરીક્ષણ માટે કે તપાસ માટે કે મુલાકાત વખતે માંગણી કરે ત્યારે રજૂ કરવું જરુરી છે. તે જોતા શાળાનું શાળાકીય રેકર્ડ શાળામાં આચાર્યના કબજામાં જ હોવું જોઈએ. અને જયારે સક્ષમ અધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે રજૂ કરવું જોઈએ.

શાળા દ્વારા આ જોગવાઈઓ ચુસ્તપણે અમલ થાય તે જોશો. જો શાળા દ્વારા આ જોગવાઈનું પાલન કરવામાં ન આવે અને રેકર્ડ રજૂ કરવામાં ન આવે તો તેની સામે ગ્રાંટ ઈન એઈડ કોડના નિયમ.૯૫ મુજબ ગ્રાંટ કાપની શિક્ષાત્મક કાર્યવાહી કરવાપણ જણાવવામાં આવે છે.

રવાના કર્યું.
સહી.
મદદનીશ અધિક્ષક(માધ્યમિક)

સહી/-
(વરેશ સિન્હા)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંક/માધ્ય.ખ-૨/૬/૨૪૨૦૭-૭૬૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
વઢવાણનો ઉતારો, રાજકોટ.
તા.૧૪-૯-૯૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ સરકારી/બિન સરકારી માધ્યમિક શાળાઓ.
રાજકોટ જિલ્લો, રાજકોટ.
નકલ જાણ તથા અમલાર્થે:-
આ કચેરીની ખ-૧/ખ-૪/તથા શિ.નિ./મ.શિ.નિ.

- જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ.

'દવે'૧૪૯૯૫'